વિકાસગૃહના અધિક્ષકે પોલીસને કરી જાણ:

# વિકાસગૃહના ચિલ્ડ્રન હોમમાં રહેતી બે સગી બહેન રવિવારે બની લાપત્તા

અહેવાલ પૃષ્ઠ (૩) પર


દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિએ

શ્રધ્ધાંજલી



શ્રીમતિ પ્રજ્ઞાબેન મહેશભાઈ વસંત

સ્વ.તા.૧૧-૦૬-૨૦૨૨, શનિવાર (ભીમ અગીયારસ)

કરૂણા જેના હ્રદયમાં હતી, પરોપકાર જેના પગલામાં હતા,
કોઈના દુ:ખે દુ:ખી અને કોઈનાં સુખે સુખી,
એવો જેમનો જીવનમંત્ર હતો એવા પુણ્ય આત્માને
અશ્રુભીની શ્રધ્ધાંજલી...

લી.
મહેશભાઈ કલ્યાણજી હરજી વસંત
હેમલ મહેશભાઈ વસંત (પુત્ર)
નેહા હેમલભાઈ વસંત (પુત્રવધુ)
મોક્ષ હેમલભાઈ વસંત (પૌત્ર)
તથા પરિવારના જયશ્રી કૃષ્ણ
જામ રણજીત કેરીયર્સ


એક મહિલા સહિત છએ લાકડીઓથી કર્યો હુમલો: બે યુવાનને થઈ ઈજા:

# શેઠવડાળામાં સાથે રમતા બાળકો ઝઘડ્યા પછી મોટેરાઓ વચ્ચે ડખ્ખો: એકની હત્યા



(તસ્વીર: પરેશ ફલીયા)

જામનગર તા. ૧૧: જામજોધપુરના શેઠવડાળા ગામમાં જયાઈપરા સોસાયટીમાં ગઈકાલે બે પાડોશી પરિવારના બાળકો સાથે રમતા હતા તેમાં ઝઘડો થઈ જતાં મોટેરાઓ વચ્ચે પડ્યા હતા તેમાં મામલો વધી પડતા ત્રણ ભાઈઓ પર એક મહિલા સહિત છ વ્યક્તિએ લાકડીઓથી હુમલો કર્યો હતો. જેમાં એક વ્યક્તિનું માથામાં લાકડી ફટકારવામાં આવતા મૃત્યુ નિપજતા આ બનાવ હત્યામાં પલટાઈ ગયો હતો. બે યુવાનને માર પડ્યો છે. હત્યાને અંજામ આપી છએય વ્યક્તિ નાસી ગયા હતા. પોલીસે હત્યા સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી આરોપીઓના સગડ દબાવ્યા છે.

જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામમાં જયાઈપરા સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ ભાણજીભાઈ વિરમગામાના ભાઈ પિયુષભાઈ તથા પાડોશી પ્રકાશ બાબુભાઈ મકવાણાના બાળકો ગઈકાલે બપોરે શેરીમાં રમતા હતા.

આ વેળાએ કોઈ બાબતે બાળકો વચ્ચે ઝઘડો થઈ જતાં બંને બાળકોના વાલીઓ દોડી આવ્યા હતા. બાળકોના ઝઘડામાં મોટેરાઓ વચ્ચે ડખ્ખો થઈ ગયો હતો અને તે પછી પ્રકાશ તેમજ તેના પિતા બાબુભાઈ બચુભાઈ મકવાણા, કાનજી બચુભાઈ, રણછોડ બચુભાઈ, દયાબેન બાબુભાઈ, રવિ બાબુભાઈ નામના છ વ્યક્તિઓ લાકડી સાથે ધસી આવ્યા હતા.

ઉપરોક્ત ટોળાએ પિયુષભાઈના ભાઈ રમેશભાઈ પર હુમલો કર્યો હતો. આ વ્યક્તિઓએ રમેશભાઈને પકડી રાખી માથામાં લાકડી ફટકારી હતી જેથી લોહીલુહાણ બની ઢળી પડેલા રમેશભાઈ (ઉ.વ.૪૨)નું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે લાકડીઓ વડે પિયુષભાઈ તથા શૈલેષભાઈને ઈજા પહોંચાડી હતી. ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી છએય વ્યક્તિ નાસી ગયા હતા. કોઈએ પોલીસને જાણ કરતા શેઠવડાળાથી પીએસઆઈ વી.એન. ગઢવી તથા સ્ટાફ દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પી.એમ. માટે ખસેડ્યો હતો. ત્યારપછી ગઈકાલે સાંજે શૈલેષભાઈ વિરમગામાની ફરિયાદ પરથી પ્રકાશ, બાબુભાઈ, કાનજી, રણછોડ, રવિ તથા દયાબેન બાબુભાઈ મકવાણા સામે આઈપીસી ૩૦૨, ૩૨૩, ૩૨૪, ૧૧૪, ૫૦૪, ૫૦૬ (૨), જીપી એક્ટની કલમ ૧૩૫ (૧) હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.





WATCH IND VS USA ON BIGGEST SCREEN
12 JUNE | 07:30 PM
AT JCR DRIVE-IN CINEMA

BOOK YOUR TICKETS NOW @ book my show OR FROM JCR BOX OFFICE

JCR | The Entertainment World

THEBA CROSS ROAD, JAMNAGAR
Mobile : + 91 6359 681681


અન્ય સાત વ્યક્તિ સારવારમાં ખસેડાયા:

# દ્વારકા નજીક કુરંગા પાસે બેકાબુ મોટરે સર્જેલા અકસ્માતમાં એકનું મૃત્યુ

જામનગર તા. ૧૧: ભાટિયાથી દ્વારકા તરફના કુરંગા ગામ પાસે રવિવારે રાત્રે પુરપાટ ઝડપે ધસી આવી એક મોટરે કુરંગા ગામની ખાનગી કંપનીમાંથી છૂટેલા અને વાહનની રાહ જોઈને સાઈડમાં ઉભેલા આઠેક જેટલા કર્મચારીને હડફેટે લીધા હતા. તેમાંથી એક શ્રમિકનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ નિપજ્યું છે. જ્યારે સાતને ઈજા થઈ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાટિયાથી દ્વારકા તરફ જવાના ધોરીમાર્ગ પર આવેલા કુરંગા ગામ પાસેથી રવિવારે રાત્રે અગિયારેક વાગ્યે જીજે-૩૫-એન ૪૨૯૫ નંબરની મારૂતી કંપનીની અર્ટીગા મોટર પુરપાટ ઝડપે

અનુસંધાન પૃષ્ઠ (૪) પર


જોઈએ છે
એકાઉન્ટન્ટ
બેડેશ્વર ફેક્ટરીમાં ટેલી અને એકાઉન્ટિંગ કામના જાણકાર જેન્ટ્સ
M.92 65 77 88 33

જોઈએ છે
ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફીસ માટે માણસ જોઈએ છે
કોમ્પ્યુટર આવડવું જરૂરી
મેલ / ફીમેલ
મો. ૯૮૭૯૫ ૬૮૧૧૪

Hero જોઈએ છે
♦ સેલ્સ એક્ઝીક્યુટીવ - ૨
♦ મિકેનીક - ૫
♦ વોશિંગ સ્ટાફ - ૫
♦ હેલ્પર - 3
(યોગ્ય વ્યક્તિ માટે પગારનો બાધ નથી)
99099 71210
99099 71201
કરન એન્ટરપ્રાઈઝ

Tapovan Vidhyalay, Jamnagar
CBSE English Medium
REQUIRES
■ Computer Science Teacher (Female)
Should be a graduate with knowledge of HTML, C++, Java, Python, and Networking, and must be fluent in English. An attractive salary will be offered to deserving candidates.
Mail your resume with scanned photo and scanned degree certificates on jamnagar@tapovanvidhyalay.in



શ્રી પૂનમબેન ને અભિનંદન

૧૨ જામનગર લોકસભા બેઠક પર ૨,૩૮,૦૦૮ મતોની જંગી સરસાઈથી વિજેતા થઈ સતત ત્રીજી વખત જામનગર તથા દેવભૂમિ દ્વારકાના લોકપ્રિય, કર્મઠ, પ્રતિભાશાળી

સાંસદ શ્રી પૂનમબેન માડમ

ને હાર્દિક શુભકામનાઓ...
ભવિષ્યમાં આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી રાજકીય ક્ષેત્રે તથા સામાજિક ક્ષેત્રે લોકકલ્યાણના કાર્યો કરતા રહો તેવી અભ્યર્થના સહ...



શુભેચ્છક



કપિલભાઈ જોબનપુત્રા
જય જલારામ એક્સ્ટ્રુઝન



રાજુભાઈ ગાગીયા
જય દ્વારકાધીશ એક્સ્ટ્રુઝન


Editor, Printer & Publisher: Pradip Madhvani ♦ Owner: Madhvani Prakashan (Nobat) ♦ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ♦ Phone: 2670924/2555924 ♦ Fax: 2553752